દાખલ તારીખ	૧૭/૧૨/૨૦૨૨		
રજીસ્ટ્રેશન તારીખ	૧૭/૧૨/૨૦૨૨		
ફેસલ તારીખ	૦૨/૦૭/૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ

નામદાર ચોથા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ, પોરબંદર.

ફોજદારી કેસ નં.૬૧૩૩/૨૦૨૨
આંક : ૬૫

પ્રાર્થના ફિશના ભાગીદાર
નવીનભાઇ રામજીભાઇ લોઢારી
ઉ.વ.આ. પ૨, ધંધો : મચ્છીનો વેપાર
ઠે. ' પરીધન ' એસ.બી.એસ.કોલોની
રહે. પોરબંદર (તા.જી.પોરબંદર) ..... ફરીયાદી

વિ રૂ દ્ધ

નિતેનભાઇ દેવજીભાઇ જુંગી
ઉ.વ.આ.૩૧, ધંધો : મચ્છીનો વેપાર
ઠે. '' પદમાણી કૃપા '', શેરી નં. પ
કૈલાશ ગૅરેજ પાસે, જુરીબાગ
પોરબંદર ......આરોપી

ગુનો : ધી નેગો.ઇન્સ.એકટની કલમ–૧૩૮ મુજબ

ફરીયાદ પક્ષે વિદ્વાન વકીલ શ્રી શૈલેષ એચ.પરમાર
આરોપી પક્ષે વિદ્વાન વકીલ શ્રી જે.ડી.સલેટ

–:: ઠ રા વ ::–

૧. આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી પ્રાર્થના ફિશ ભાગીદારી ધંધાના ભાગીદાર રહેલા છે અને આરોપી સાથે મચ્છીના વ્યવહાર સંબંધે જાણકાર અને માહિતગાર રહેલા છે.ફરીયાદીને અન્ય ભાગીદારો દ્વારા

આરોપી સાથેના મચ્છીના વેપાર ધંધાના નાણાકીય વ્યવહાર સંબંધે કાનુની કાર્યવાહી કરવા અધિકાર પત્ર આપવામાં આવેલ છે. આરોપી બોટ નંબર જીજે.-૨૫-એમએમ-૪૦૨૦ નામે શ્રી પદમાણી કૃપા, જીજે-૨૫-એમએમ-૪૩૯૫ નામ જય પદમાણી કૃપા, જીજે-૨૫-એમએમ-૪૪૪૩ નામે જય પદમાણી માં તથા જીજે-૨૫-એમએમ-૦૫૧૫ નામે ઓમ સાગરની ધરાવે છે અને આરોપી ફિશીંગમાં જતી બોટમાં આવતા મચ્છીના જુદા જુદા માલ માટે આરોપી અને ફરીયાદી વચ્ચે આરોપીના નામે ખરીદાયેલા રૂા. ૩૦૦/- ના નોન જયુડીશ્યલ સ્ટેમ્પ પેપર સર્ટીફિકે નં. IN-GJ86767612232073T ના તા. ૨૨/૦૭/૨૦૨૧ ના રોજ ખરીદ કરવામાં આવેલ સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ બે શાખ કરનારાઓની હાજરીમાં એક સમજુતી કરાર કરવામાં આવેલ છે જે નોટરી સમક્ષ અનુક્રમ નં. ૩૩૫૪ થી નોંધાયેલ છે.

ઉપરોકત પેરા–(૨) માં જણાવેલ સમજુતિ કરાર આધારે આરોપીએ અમો ફરીયાદીની ભાગીદારી પેઢીના પ્રાર્થના ફીશ ભાગીદારના ધંધાને સને–૨૦૨૧–૨૨ ના વર્ષ માટે સમજુતિ કરારમાં જણાવેલ મચ્છીનો ચોખ્ખો માલ પુરો પાડવાનો હતો અને જેની સામે અમો ફરીયાદી ભાગીદારી પેઢીએ આરોપીને આ સમજુતિ કરાર મુજબ રૂા.૧૨,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા બાર લાખ પુરા) ચુકવવાના હતાં જે પૈકી સમજુતિ કરારમાં જ આરોપીને રૂા.૬,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા છ લાખ) પુરાની રકમ સમજુતિ કરારમાં જણાવેલ ચેકથી ચુકવવામાં આવેલી હતી અને ત્યારબાદ અમો ફરીયાદી ભાગીદારી પેઢી તરફથી આરોપીને તા.૨૪/૦૮/૨૦૨૧ ના રોજ રૂા.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ) પુરા ચેકથી, તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજ રૂા.૫,૦૦૦/– રોકડા, તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ રૂા.૪૫,૦૦૦/– (અંકે રૂપીયા પીસ્તાલીસ હજાર) પુરા ચેકથી તથા રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર) પુરા રોકડા મળી કુલ રૂા.૯,૫૫,૦૦૦/–(અંકે રૂપીયા નવ લાખ પંચાવાન હજાર) પુરાની રકમ ચુકવવામાં આવેલ.

અમો ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ સમજુતિ કરાર અન્વયે આરોપી તરફથી અમો ફરીયાદીને તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૦/૧૧/૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન કુલ રૂા.૨,૪૨,૯૦૫.૫૦(અંકે રૂપીયા બે લાખ બેતાલીસ હજાર નવસો પાંચ અને પચાસ પૈસા) પુરાનો માલ આપવામાં આવેલ છે અને ત્યાર બાદ આરોપીએ અમો ફરીયાદી ભાગીદારી પેઢીને માલ આપવાનું બંધ કરતાં અમો ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ સમજુતિ કરાર મુજબ અમો ફરીયાદી ભાગીદારી પેઢીએ

આરોપીને ચુકવેલ કુલ રકમ રૂા.૯,૫૫,૦૦૦/–(અંકે રૂપીયા નવ લાખ પંચાવાન હજાર) પુરાની રકમમાંથી આરોપીએ અમો ફરીયાદી પેઢીને પુરા પાડેલ માલની રકમ રૂા.૨,૪૨,૯૦૫.૫૦(અંકે રૂપીયા બે લાખ બેતાલીસ હજાર નવસો પાંચ અને પચાસ પૈસા) પુરાના પુરા પાડેલ માલની રકમ બાદ કરતાં અમો ફરીયાદી ભાગીદારી પેઢીએ આરોપી પાસે રૂા.૭,૧૨,૦૯૪.૫૦(અંકે રૂપીયા સાત લાખ બાર હજાર ચોરાણું અને પચાસ પૈસા) પુરાની બાકી કાયદેસરની લેણી રકમ નિકળે છે.

ઉપરોકત પેરા–(૪) માં જણાવેલ આરોપી અને અમો ફરીયાદી વચ્ચેના સમજુતિ કરારવાળા વહેવારની અમો ફરીયાદી ભાગીદારી પેઢીની આરોપી પાસે બાકી લેણી નિકળતી કાયદેસરની રકમ રૂા.૭,૧૨,૦૯૪.૫૦(અંકે રૂપીયા સાત લાખ બાર હજાર ચોરાણું અને પચાસ પૈસા)પુરાની ચુકવણી કરવા સારૂં આરોપીએ અમો ફરીયાદીની ભાગીદારી પેઢીના નામનો તેમના બેન્ક ઓફ બરોડા, વાડી પ્લોટ, પોરબંદર શાખાના ખાતા નં.૭૨૮૨૦૧૦૦૦૧૦૫૨૬ ના ખાતાનો ચેક નં.૦૦૦૦૫૬ નો તા.૧૦/૧૧/૨૦૨૨ નો રૂા.૭,૧૨,૦૯૪.૫૦(અંકે રૂપીયા સાત લાખ બાર હજાર ચોરાણું અને પચાસ પૈસા)પુરાનો ચેક, ચેકમાં તમામ વિગત ભરીને ચેક હેઠળ આરોપીએ સહી કરીને અમો ફરીયાદીને સુપ્રત કરેલ હતો.

ઉપરોકત ચેક આરોપીના કહયા મુજબ અમો ફરીયાદીએ અમારા ભાગીદારી પેઢીના એચ.ડી.એફ.સી.બેન્ક લી. પોરબંદર શાખાના અમારા ખાતા નં.૫૯૨૪૧૧૩૨૦૦૦૧૩૧ માં જમાં કરાવવા સારૂ તા. ૧૦/૧૧/૨૦૨૨ ના રોજ નાંખતાં ચેક "Funds Insufficient" ના શેરા સાથે વગર વસુલાતે પરત ફરેલ છે જે અંગેની જાણ બેન્ક દ્વારા અમો ફરીયાદીને તા. ૧૧/૧૧/૨૦૨૨ ના રોજના ચેક રીટર્ન મેમોથી કરવામાં આવેલ.આરોપીને અમો ફરીયાદી દ્વારા વૈધાનીક ડીમાન્ડ નોટીશ વકીલ મારફતે તા.૧૯/૧૧/૨૦૨૨ ની આપવામાં આવેલ જે આરોપીને તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ ડીલીવર થયેલ છે.આરોપી દ્વારા નોટીશમાં જણાવેલ સમય મર્યાદા વીતી જવા છતાં કે આજદિન સુધી અમો ફરીયાદીને ચેક મુજબની લેણી રકમ ચુકવવામાં આવેલ નથી. આમ આરોપીએ ફરીયાદી સાથે પ્રથમથી જ ગુન્હાહિત વિશ્વાસઘાત અને છેતરપીડી કરી ઠગાઈ કરેલ હોય તથા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮–૧૪૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય જેથી હાલની ફરીયાદ આપ સાહેબ સમક્ષ સમયસર રજુ કરવા ફરજ પડેલ છે.

૨. ફરીયાદીની ફરીયાદ અન્વયે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. મુજબ પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કરતા આરોપી હાજર થતા, આરોપીને જરૂરી દસ્તાવેજોની નકલો આપી, સદર કેસ સમન્સ ટ્રાયલ તરીકે ચલાવવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ આરોપીની આંક–૧૮ થી પ્લી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઇનકાર કરતા તેમની સામે કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ રજુ કરેલા છે.

– :: ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવાઓ :: –

ક્રમ	આંક	વિગત	પુરાવાનો પ્રકાર
૧.	૦૪	પ્રાર્થના ફિશના ભાગીદાર નવીનભાઇ રામજીભાઇ લોઢારીનું સરતપાસનું સોગંદનામું	ફરીયાદી

– :: ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવાઓ :: –

ક્રમ	આંક	વિગત
૧.	૨૫	ફરીયાદીની ભાગીદારી પેઢીનો ભાગીદારી દસ્તાવેજ
૨.	૨૬	ફરીયાદીની ભાગીદારી પેઢીના નામનું પાનકાર્ડ
૩.	૨૭	ફરીયાદી જોગ બાકીના પેઢીના ભાગીદારોએ આરોપી સામે કાનુની કાર્યવાહી કરવા આપેલ અધિકાર પત્ર
૪.	૨૮	ફરીયાદી તથા આરોપી વચ્ચે નોટરી રૂબરૂ થયેલ સમજુતી કરાર
૫.	૨૯	ફરીયાદી ભાગીદારી પેઢી દ્વારા પેઢીના ખાતામાંથી આરોપીને ચુકવેલ રકમનું સ્ટેટમેન્ટ
૬.	૩૦	આરોપીનું ફરીયાદીની પેઢીમાં નિભાવવામાં આવતું એકાઉન્ટ સ્ટેટમેન્ટ

૭.	૩૧	આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં. ૦૦૦૦૫૬
૮.	૩૨	ચેક પરત ફર્યાનો મેમો
૯.	૩૩	ફરીયાદીએ આપેલ રજી. નોટીસ
૧૦.	૩૪	નોટીસ પોસ્ટ કર્યાની વિન્ડો રીસીપ્ટ
૧૧.	૩૫	પોસ્ટ ખાતાનો નોટીસ મળી ગયાનો ડિલીવરી રીપોર્ટ
૧૨.	૪૩ થી ૪૬	ફરીયાદીએ આરોપીને આપેલ માલની બિલીની યાદીની પહોંચ
૧૩.	૪૮ થી ૫૧	ફરીયાદીએ આરોપીને આપેલ રૂપિયાના વાઉચરની પહોંચ જેમાં આરોપીની સહી છે.

૪. ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૫૨ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

૫. ત્યારબાદ આ કામે બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી.ની તેમજ ફરિયાદપક્ષે વિ.વ.શ્રી.ની દલીલ સાંભળી.

૬. ઉપરોકત હકીકત તથા આ કામે પડેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી આ કેસના આખરી નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુ દ્દા ::–

૧.	**શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે ફરિયાદીને આંક–૩૧ વાળો ચેક આપેલો જે ફરીયાદીએ વસુલ કરવા તેમની બેંકના ખાતામાં જમા કરતા સદર ચેક વણ ચુકવ્યે, વગર વસુલાતે પરત ફરેલો જેથી ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપેલી તેમ છતાં આરોપીએ ફરિયાદીને તેની લેણી રકમ ચુકવી નહી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો**

	શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો છે ?
૨.	**શું હુકમ ?**

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧.	**હકારમાં**
૨.	**આખરી હુકમ મુજબ.**

-: કારણો :-

કાયદાની જોગવાઈઓ :-

૮. આ કામમાં ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા કરતા પહેલા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, આરોપી સામેનો ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ના આવશ્યક તત્વો પુરવાર કરવા પડે અને આ કામમાં સૌપ્રથમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની વ્યાખ્યા જોવામાં આવે તો,.....

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ જોતાં તેમાં એવું જણાવેલ છે કે, ''સમગ્ર રીતે અથવા અંશત: કોઇ પણ જવાબદારી કે દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યક્તિ પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક તે ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને તેવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક પરત કરે કારણ કે તે ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી હોય અથવા તો બેન્ક સાથેની સમજુતીની કરેલી વ્યવસ્થા મુજબ ચેકની રકમ તે રકમ કરતાં વધુ હોય ત્યારે આવી વ્યક્તિએ ગુન્હો કર્યો ગણાશે.''

પરંતુ એવું પણ ઠરાવવામાં આવેલ છે કે, આ કલમનો કોઇ મજકુર લાગુ પડશે નહી સિવાય કે,

(ક) જે તારીખે ચેક લખ્યો હોય તે તારીખથી છ મહિનાની મુદ્દત અથવા તેની કાયદેસરની મુદ્દત તે બેમાંથી જે વહેલી આવતી હોય તેટલી મુદ્દતની અંદર બેન્કમાં ચેક રજુ કરવામાં આવ્યો હોય.

(ખ) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઇ થયા વિના પરત આવવા સબંધી બેન્ક પાસેથી તેની માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખીતમાં નોટીસ આપીને નાણાંની સદરહુ રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને

(ગ) તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહુ નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય.

સ્પષ્ટીકરણ : આ કલમના હેતુ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કે, કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા જવાબદારી એવું થાય છે.

આમ, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની વ્યાખ્યા ધ્યાને લીધા બાદ આરોપી સામેનો ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદીએ સદરહુ કલમની વ્યાખ્યા સબંધે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાના રહે છે.

૧. આરોપીએ પોતાના દ્ધારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા ફરિયાદીને ચેક આપેલો હોવો જોઇએ.

૨. આરોપીએ ફરિયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલો હોવો જોઇએ.

૩. ચેક જે તારીખે લખેલ હોય તે તારીખથી ચેકની નિયત સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હોવો જોઇએ.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણોસર પરત ફરેલ હોવો જોઇએ.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ૩૦ દિવસની સમય મર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખીત નોટીસ ચેક લખનાર(આરોપીને) મોકલેલી હોવી જોઇએ.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫ દિવસની સમય મર્યાદામાં ચુકવી આપેલા ન હોય.

૯. વટાઉખત અધિનિયમની કલમ–૧૧૮(એ) તથા વટાઉખત અધિનિયમની કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઇ છે વટાઉખત અધિનિયમની કલમ–૧૧૮(એ) ની જોગવાઇ અનુસાર જ્યાં સુધી વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉ ખત અવેજના માટે કરીને આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે વટાઉખત અધિનિયમની કલમ–૧૩૯ વંચાણે લેવામાં આવે તો વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક વટાઉખત અધિનિયમની કલમ–૧૩૮ ની જોગવાઇ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારી અંશતઃ અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે.ઉપરોક્ત બન્ને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે છે.પરંતુ બન્ને જોગવાઇમાં "વિરૂદ્ધનું સાબિત ના થાય તો" તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે એટલે કે આ બન્ને અનુમાનો ખંડિત થઇ શકે તે પ્રકારના અનુમાનો છે. વિરૂદ્ધનું પુરવાર ન થાય તે શબ્દના અર્થ અનુસાર અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવું ખંડન કરવાનો પુરાવાનો બોજો આરોપીના શીરે રહે છે.

ઉપરોકત હકીકત સબંધે નામદાર સુપ્રિમ કોર્ટનો ૨૦૦૯(૨) જી.એલ.આર. પાના નં.૧૨૪૦ (એસ.સી.) મેસર્સ કુમાર એક્સપોર્ટસ વિ. મેસર્સ શર્મા કારપેન્ટસનો ચુકાદો જોવામાં આવે તો, તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે વટાઉખત અધિનિયમની કલમ ૧૩૮ ના ગુન્હા સંદર્ભે, કલમ ૧૧૮ તથા કલમ ૧૩૯ ના કાયદાના અનુમાનો ક્યારે કરી શકાય તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી, આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરતા પારા ૧૦ અને ૧૧ માં ઠરાવેલ છે કે, ...

10. Section 118 of the Act inter alia directs that it shall be presumed, until the contrary is proved, that every negotiable instrument was made or drawn for consideration. Section 139 of the Act stipulates that unless the contrary is proved, it shall be presumed, that the holder of the cheque received the cheque, for the

discharge of, whole or part of any debt or liability. Applying the definition of the word 'proved' in Sec. 3 of the Evidence Act to the provisions of Secs. 118 and 139 of the Act, it becomes evident that in a trial under Sec. 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Secs. 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists.

11. The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of

consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in

some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant, and thereafter, the presumptions under Secs. 118 and 139 of the Act will not again come to the complainant's rescue.

૧૦. આમ ઉપરોક્ત રીતેની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધા બાદ ફરિયાદપક્ષે રજુ કરેલા મૌખિક પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૦૪ થી ફરિયાદીનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. જેમાં મોટા ભાગે ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. આ કામે સદર ફરીયાદીની આરોપી પક્ષ તરફે વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેની ચર્ચા પુરાવાના મુલ્યાંકન સાથે આવરી લીધેલ છે.

–:: પુરાવાનું મુલ્યાંકન ::–

૧૧. આ કામે કેસના કેન્દ્રસ્થાને આંક–૩૧ વાળો ચેક નં.૦૦૦૦૫૬ છે. જેની કિંમત રૂા.૭,૧૨,૦૯૪.૫૦ છે. આ કામે હાલના ફરીયાદી પ્રાર્થના ફિશના ભાગીદાર છે. ફરીયાદીની ભાગીદારી પેઢી પ્રાર્થના ફિશ ભાગીદારના ધંધાને સને–૨૦૨૧–૨૨ ના વર્ષ માટે સમજુતી કરાર (નોટરી સમક્ષ નોંધેલ અનુક્રમ નંબર ૩૩૫૪ તા. ૨૨/૦૭/૨૧ રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર કરેલ છે તે)માં જણાવેલ મચ્છીનો ચોખ્ખો માલ પુરો પાડવાનો હતો જેની સામે ફરીયાદી ભાગીદારી પેઢીએ આ કામના આરોપીને આ સમજુતી કરાર મુજબ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/– ચુકવવાના હતા. જે પૈકી સમજુતી કરારમાં જ આરોપીને રૂા. ૬,૦૦,૦૦૦/– પુરા સમજુતી કરારમાં જણાવેલ ચેક થી ચુકવવામાં આવેલ હતા. ત્યારબાદ ફરીયાદી ભાગીદારી પેઢી તરફથી આરોપીને તા. ૨૪/૦૮/૨૧ ના રોજ રૂા. ૩,૦૦,૦૦૦/– પુરા ચેકથી, તા. ૨૨/૧૦/૨૧ ના રોજ રૂા. ૫,૦૦૦/– રોકડા, તા. ૨૯/૧૦/૨૧ ના રોજ રૂા. ૪૫,૦૦૦/– પુરા ચેક થી

તથા રૂા. ૫,૦૦૦/– રોકડા એમ કુલ મળી રૂા. ૯,૫૫,૦૦૦/– પુરાની રકમ ચુકવવામાં આવેલી.

ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ સમજુતી કરાર અન્વયે આરોપી તરફ થી ફરીયાદીને તા. ૦૧/૧૦/૨૧ થી તા. ૩૦/૧૧/૨૧ ના સમયગાળા દરમ્યાન કુલ રૂા. ૨,૪૨,૯૦૫.૫૦ (અંકે રૂપિયા બે લાખ બેતાલીસ હજાર નવસો પાંચ અને પચાસ પૈસા પુરા) પુરાનો માલ આપવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીએ, ફરીયાદી ભાગીદારી પેઢીને માલ આપવાનું બંધ કરતા ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ સમજુતી કરાર મુજબ ફરીયાદી ભાગીદારી પેઢીએ આરોપીને ચુકવેલ કુલ રકમ રૂા. ૯,૫૫,૦૦૦/– પુરાની રકમ માંથી આરોપીએ ફરીયાદી પેઢીને પુરા પાડેલ માલની રકમ રૂા. ૨,૪૨,૯૦૫.૫૦ પૈસા પુરાનો પુરો પાડેલ માલની રકમ બાદ કરતા ફરીયાદી ભાગીદારી પેઢીને આરોપી પાસેથી રૂા. ૭,૧૨,૦૯૪.૫૦ પૈસા પુરા કાયદેસરની બાકી લેણી રકમ નીકળે છે. સદર રકમ ચુકવવા સારૂ આરોપીએ ફરીયાદીની ભાગીદારી પેઢીના નામનો તેમના બેંક ઓફ બરોડા, વાડી પ્લોટ પોરબંદર શાખાના ખાતા નંબર ૭૨૮૨૦૧૦૦૦૧૦૫૨૬ ના ખાતાનો ચેક નં. ૦૦૦૦૫૬ નો તા. ૧૦/૧૧/૨૨ નો રૂા. ૭,૧૨,૦૯૪.૫૦ પૈસા પુરાનો ચેક તમામ વિગત ભરી તેમાં સહી કરી ફરીયાદીને સુપરત કરી વિશ્વાસ આપેલ કે સદર રકમ બેંકમાં આ ચેક ભરવાથી વસુલાત ચોકકસપણે થઇ જશે.

આમ, આરોપીના જણાવ્યા મુજબ ફરીયાદીએ પોતાની ભાગીદારી પેઢીના એચ.ડી.એફ.સી.લી. પોરબંદર શાખાના ફરીયાદીના ખાતા નંબર ૫૯૨૪૧૧૩૨૦૦૦૧૩૧ માં જમાં કરાવવા સારૂ તા. ૧૦/૧૧/૨૨ ના રોજ નાંખતા ફંડ ઇનસફીસ્યન્ટના શેરા સાથે વગર વસુલાત પરત ફરેલ છે જેની જાણ બેંક દ્વારા ફરીયાદીને તા. ૧૧/૧૧/૨૨ ના રોજ કરવામાં આવેલી છે. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને વકીલ મારફત વૈધાનીક ડિમાન્ડ નોટીસ તા. ૧૯/૧૧/૨૨ ના રોજ આપેલ જે આરોપીને તા. ૨૨/૧૧/૨૨ ના રોજ ડિલીવર થયેલ છે.ત્યારબાદ પણ આરોપીએ ફરીયાદ પક્ષની કાયદેસરની લેણી

રકમ નહી ચુકવી આપતા સમય મર્યાદામાં હાલની ફરીયાદ કોર્ટમાં દાખલ કરેલ છે.

૧૨. આ કામે આરોપી કોર્ટમાં હાજર થતા આંક–૧૮ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

આ કામે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૪ થી પ્રાર્થના ફિશના ભાગીદાર નવીનભાઈ રામજીભાઈ લોઢારીનાઓનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેની આરોપી પક્ષે વિગતવારની ઉલટ તપાસ કરેલ છે. ફરીયાદીએ પોતાના કેસના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સ્વરૂપે આંક– ૨૫ થી ફરીયાદીની ભાગીદારી પેઢીનો ભાગીદારી દસ્તાવેજ, આંક–૨૬ થી ફરીયાદીની ભાગીદારી પેઢીના નામનું પાનકાર્ડ, આંક–૨૭ થી ફરીયાદી જોગ બાકીના પેઢીના ભાગીદારોએ આરોપી સામે કાનુની કાર્યવાહી કરવા આપેલ અધિકાર પત્ર, આંક–૨૮ થી ફરીયાદી તથા આરોપી વચ્ચે નોટરી રૂબરૂ થયેલ સમજુતી કરાર, આંક–૨૯ થી ફરીયાદી ભાગીદારી પેઢી દ્વારા પેઢીના ખાતામાંથી આરોપીને ચુકવેલ રકમનું સ્ટેટમેન્ટ, આંક–૩૦ થી આરોપીનું ફરીયાદીની પેઢીમાં નિભાવવામાં આવતું એકાઉન્ટ સ્ટેટમેન્ટ, આંક–૩૧ થી આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં. ૦૦૦૦૫૬, આંક–૩૨ થી ચેક પરત ફર્યાનો મેમો, આંક–૩૩ થી ફરીયાદીએ આપેલ રજી. નોટીસ, આંક–૩૪ થી નોટીસ પોસ્ટ કર્યાની વિન્ડો રીસીપ્ટ, આંક–૩૫ થી પોસ્ટ ખાતાનો નોટીસ મળી ગયાનો ડિલીવરી રીપોર્ટ, આંક–૪૩ થી ૪૬ ફરીયાદીએ આરોપીને આપેલ માલની બિલીની યાદીની પહોંચ તેમજ આંક–૪૮ થી ૫૧ફરીયાદીએ આરોપીને આપેલ રૂપિયાના વાઉચરની પહોંચ જેમાં આરોપીની સહી છે તે રજુ કરેલ છે.

૧૩. આ કામે ફરીયાદીનું આંક–૪ થી સરતપાસનુ સોગંદનામું પ્રાર્થના ફિશના ભાગીદાર નવીનભાઈ રામજીભાઈ લોઢારીનું રજુ થયેલ છે. ત્યારબાદ આરોપી પક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટ તપાસને ધ્યાને રાખી આ કામે આરોપી પક્ષનો **સૌપ્રથમ બચાવ** એવો છે કે,આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ સમજુતી કરારમાં અન્ય ભાગીદારોની સહીઓ નથી. જેથી સમજુતી

કરાર શંકાસ્પદ છે. તે માટે બચાવ પક્ષ નીચે જણાવેલ ફરીયાદી દ્વારા ઉલટ તપાસમાં કરાયેલ એડમીશન પર આધાર રાખેલ છે.

'' એ વાત ખરી છે કે, સમજુતી કરારમાં અન્ય ભાગીદારોની સહીઓ નથી. ''

આ બાબતે ફરીયાદ પક્ષની એવી રજુઆત છે કે,ફરીયાદ પક્ષે આ કામે પ્રાર્થના ફિશનું ભાગીદારી પેઢીનો દસ્તાવેજ આંક–૨૫ થી રજુ કરેલ છે જેમાં ત્રણ ભાગીદારો છે. (૧) નવીન રામજી લોઢારી (૨) જગદીશ લાલજીભાઇ શીયાળ (૩) હરીશ રમેશભાઇ મસાણી અને આંક–૨૮ થી સમજુતી કરાર જે રજુ કરવામાં આવેલ છે તેમાં ભાગીદાર નંબર–૧ નવીન રામજીભાઇ લોઢારી દ્વારા હાલના આરોપી સાથે આંક–૨૮ વાળો સમજુતી કરાર કરવામાં આવેલ છે.એટલે હાલના ફરીયાદી મુળ ભાગીદારી પેઢી પ્રાર્થના ફિશના ભાગીદારો પૈકીના એક છે અને આ સમજુતી કરાર તા. ૨૨/૦૭/૨૧ ના રોજ નોટરાઈઝડ કરવામાં આવેલ છે ત્યારબાદ આ સમજુતી કરારનો ઉલ્લેખ કરેલ પ્રાર્થના ફિશ ભાગીદારી પેઢી દ્વારા તા. ૧૫/૧૧/૨૨ ના રોજ હાલના ફરીયાદી નવીનભાઇ લોઢારીને અધિકાર પત્ર આપવામાં આવેલ છે જે અધિકાર પત્ર આંક–૨૭ થી રેકર્ડ પર રજુ છે અને તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, આરોપી નિતેનભાઇ દેવજીભાઇ જુંગી પાસેથી તા. ૨૨/૦૭/૨૧ ના રોજ કરેલ કરાર મુજબના કાયદેસરના લેણા નીકળતા હોય તે સંબંધે નિતેનભાઇ દેવજીભાઇ જુંગી દ્વારા આપણા ભાગીદારી પેઢીના નામજોગ જે ચેક આપવામાં આવેલ છે તે ચેક સંબંધેની ધોરણસરની કાનુની કાર્યવાહી કરવા અમો અધિકાર પત્ર આપનારાઓ તમો અધિકાર પત્ર સ્વીકારનાર જોગ આ અધિકાર પત્ર આપીએ છીએ અને તેમાં ભાગીદારી પેઢીના અન્ય ભાગીદારીનો સહીઓ પણ છે. આંક–૨૭ એટેસ્ટેડ કોપી છે. આ સંજોગોમાં આરોપીનો પ્રથમ બચાવ ટકવાપાત્ર નથી.

આરોપી પક્ષે **બીજો બચાવ** એવો લેવામાં આવેલ છે કે,ફરીયાદમાં જણાવેલ રૂા. ૨,૪૨,૯૦૫.૫૦ નો માલ આરોપીએ આપેલ તે સંબંધેની ડુપ્લીકેટ ચીઠ્ઠીઓ આ કામે રજુ રાખેલ નથી. તેનો જવાબ ફરીયાદીએ એવો આપેલ છે કે, અમોએ અમારા ચોપડાનું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. જો કે ત્યારબાદ

આંક–૪૩,૪૪,૪૫,૪૬ થી સદર ડુપ્લીકેટ ચીઠ્ઠીઓ ફરીયાદ પક્ષે રજુ કરી દીધેલ છે. તેને આંક પાડવામાં બચાવ પક્ષે કોઇ તકરાર ઉઠાવવામાં આવેલ નથી.આમ, ડુપ્લીકેટ ચીઠ્ઠીઓ તો ફરીયાદ પક્ષે રજુ રાખેલ છે. આ તબકકે આ બચાવ અનુસંધાને ફરીયાદ પક્ષની રજુઆત છે કે, જે–તે સમયે અમો અને આરોપી વચ્ચે જે રીતની ચીઠ્ઠીઓ તૈયાર કરવામાં આવેલ તેની એક નકલ આરોપીને અમોએ આપેલ છે અને એક નકલ અમારી પાસે હતી તે રજુ કરેલ છે. આરોપી પક્ષે આ કામે અમોને નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. જો આરોપી આવી ચીઠ્ઠીઓ પર આધાર રાખતા હોય અથવા અમે રજુ કરેલ ચીઠ્ઠીઓ ન માનતા હોય તો આરોપી પક્ષે અમારી નોટીસનો જવાબ જે–તે સમયે આપવો જોઇતો હતો અને તેમાં તેમને આવી ચીઠ્ઠીઓની તકરાર લેવી જોઇતી હતી પણ આરોપી પક્ષે અમોને કોઇ નોટીસનો જવાબ આપેલ નથી અને જે–તે સમયે પણ આવો કોઇ બચાવ કે ડિફેન્સ આરોપી પક્ષે સેટઅપ કરેલ નથી. આથી આરોપીનો બચાવ ટકવાપાત્ર નથી. ફરીયાદીની દલીલમાં વજુદ જણાય છે કારણ કે ફરીયાદીએ જે–તે સમયે આરોપીને નોટીસ આપી ત્યારે આરોપીએ પોતાનું સ્ટેન્ડ કલીઅર કરવુ જોઇએ અને તે માટે આરોપી જે મટીરીયલ્સ કે દસ્તાવેજી આધાર પુરાવા પર આધાર રાખતા હોય તેને હાઇલાઇટ કરવા જોઇએ જેથી ફરીયાદીના માનસ પર આ અંગે ચિત્ર વધુ સ્પષ્ટ થઇ જાય પરંતુ આ કામે આરોપીએ આવુ કરેલ નથી આવા સંજોગોમાં ફરીયાદીના કેસમાં મેરીટસ છે તેમ માનવાને કારણ છે. આ તારણો આપવા માટે નીચેના ચુકાદા પર આધાર રાખવામાં આવે છે.

Observation of Hon'ble Supreme Court in case of **S. P. Mani and Mohan Dairy vs. Snehalatha Alangovan, reported as AIR 2022 SC 4883,** regarding object of giving statutory notice is also relevant, which is extracted below:

We may also examine this appeal from, a different angle. It is not in dispute, as noted above, that no reply was given by the respondent to the statutory notice served upon her by the appellant. In the proceedings of the

present type, it is essential for the person to whom statutory notice is issued under–Section 138 of the NI Act to give an appropriate reply. The person concerned is expected to clarify his or her stance. If the person concerned has some unimpeachable and incontrovertible material to establish that he or she has no role to play in the affairs of the company/firm, then such material should be highlighted in the reply to the notice as a foundation. If any such foundation is laid, the picture would be more clear before the eyes of the complainant. The complainant would come to know as to why the person to whom he has issued notice says that he is not responsible for the dishonor of the cheque. Had the respondent herein given appropriate reply highlighting whatever she has sought to highlight before us then probably the complainant would have undertaken further inquiry and would have tried to find out what was the legal status of the firm on the date of the commission of the offense and what was the status of the respondent in the firm. The object of notice before the ling of the complaint is not just to give a chance to the drawer of the cheque to rectify his omission to make his stance clear so far as his liability under Section 138 of the NI Act is concerned.

૧૪. આ કામે ફરીયાદ પક્ષની દલીલ મુજબ આરોપીએ હાલનો સવાલવાળો ચેક ફરીયાદીને આપેલ નથી તેવી કોઈ મજબુત તકરાર આરોપી પક્ષે ઉઠાવેલ નથી. તેની સાથે સાથે હાલના ચેક ઉપર આરોપીની સહી ન હોવા અંગેની પણ કોઈ તકરાર આરોપી પક્ષે ઉઠાવેલ નથી. તેની સમાંતરે રૂા. ૭,૧૨,૦૯૪.૫૦

ફરીયાદીના કાયદેસરના બાકી લેણા આરોપી પાસેથી નીકળતા નથી તેવો પણ કોઈ બચાવ આરોપી દ્વારા સાબિત કરવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષે આંક–૨૮ નો સમજુતી કરાર અને આંક–૨૯ નું બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તે અંગે કોઈ ડિનાઈલ પણ આરોપી પક્ષ દ્વારા ઉલટ તપાસવામાં લેવામાં આવેલ નથી.

સવાલવાળા ચેકમાં આરોપીની સહી અંગેની પણ કોઈ તકરાર ઉલટ તપાસમાં આરોપી પક્ષે ઉઠાવવામાં આવેલ નથી. આ સંજોગોમાં,આ કામે ફરીયાદ પક્ષની એવી દલીલ છે કે, આરોપી પક્ષે સમગ્ર ટ્રાયલમાં કયાંય પણ ચેક પર આરોપીની સહી બાબતે કોઈ તકરાર ઉઠાવવામાં આવેલ નથી. એટલે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ મેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય. ઉલટતપાસથી આરોપી પક્ષ ચેક પરની સહી અંગે પણ કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવેલ નથી કે તે અંગે શંકા વ્યાજબી રીતે ઉભી કરી શકેલ નથી. આથી ફરીયાદીના કેસમાં મેરીટસ છે તેવું અનુમાન થાય.હવે આ તબકકે ફરીયાદ પક્ષે ***૨૦૨૧(૦) એ.આઈ.જે.ઈ.એલ. એસ.સી. ૬૭૭૭૧ સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાનું ત્રીમબક એસ . હેગડે વિરુધ્ધ શ્રીપાદ***નો ચુકાદો રજુ કરેલ છે. જે આદરપુર્વક વંચાણે લેવામાં આવે છે. અને તેમાં નીચેની હકીકતો સ્થિાપિત કરવામાં આવેલ છે. તેમાં DISHONOUR OF CHEQUE PRESUMPTION RESPONDENT NOT DISPUTED SIGNATURE ON CHEQUE - THEREFOR, PRESUMPTION WOULD ARISE U/S 139 IN FAVOUR OF APPELLANT WHO WAS HOLDER OF CHEQUE CASE PUT FORTH BY RESPONDENT DOES NOT SATISFY REQUIRMENT OF REBUTTAL EVEN IF TESTED ON TOUCHSTONE OF PERFONDERANCE OF PROBABILITY.

આમ, હાલના કેસમાં ઉપરોકત ચુકાદો ફરીયાદ પક્ષને મદદરૂપ બને છે અને આરોપી સહી અંગે પણ કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવેલ નથી તેમ માનવાને રેકર્ડ પર કારણ છે.આમ, કુલ મળીને બીજો બચાવ પણ આરોપીનો ટકવાપાત્ર નથી.

१५. If the facts and circumstances of this case are considered in light of above said principle of law it is clear that the Cheque is drawn on the bank account of the accused and that it bears the signatureof the accused Therefore statutory presumption arises Under 139, Section of Negotiable Instruments Act, in the favor of the complainant that the cheque is issued in discharge of debt or liablity. The burden of rebutting the said presumption by probable defense is on the accused. On careful perusal of evidence on record, it is clear that the accused has not ultimately raised any probable defense.

The sum and substances is well established principles are that, once it is proved that, cheque pertaining to the account of the accused is dishonored and the requirements envisaged under Under Section a to 138(a) to (c) of Negotiable Instruments Act is complied, then it has to be presumed that, cheque in question was issued in discharge of legally recoverable debt. The presumption envisaged under section 139 of Negotiable Instruments Act is mandatory presumption and it has to be raised in every cheque bounce cases. Now, it is settled principles that, to rebut the presumption, the accused has to set up a probable defense. In view of the above discussion, this court considered the opinion that the accused has utterly failed to prove or probabalize his defense and thereby to rebut statutory presumption in favor of the complainant.

It clearly appears from the evidence on record that defense of the accused was not raised. Unless and until the accused rebuts the statutory presumption with convincing and cognet evidence, burden cannot be shifted the complainant, the complainant has placed sufficiant materials on record to establish his contention. The evidence on record is sufficient to accept the case of the complainant that accused has issued cheque in question towards discharge of legally enforceable debt or liability and the complainant has proved all the requirements of sec. 138 of Negotiable

Instruments Act, so as to constitute the offense against the accused. Therefore, Point No.1 is answered in THE AFFIRMATIVE.

૧૬. આ કામે આરોપીના વિ.વ.શ્રી.ને કામ જજમેન્ટ પર છે તેની જાણ છે. તેઓએ આરોપીને પણ હાજર રહેવા સમજ કરેલી તેવું આજરોજ આરોપીના વિ.વ.શ્રી.એ જણાવેલ છે પણ આરોપી હાજર રહેલા નથી.આમ આરોપીના નોલેજમાં હોય તો પણ મુદતમાં હાજર રહે નહી તો કોર્ટે વોરંટ કાઢવા માટે કોઈ કારણ નથી પણ કોર્ટ પાસે કાર્યવાહી આગળ ચલાવવા સીવાય કોઇ વિકલ્પ નથી તેવુ મારુ નમ્ર માનવુ છે. આ તારણ આપવા માટે **નામ.ગુજરાત હાઇકોર્ટના મનોજ વાસુદેવ સોમપુરા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૩(૦) એ.આઇ.જે.ઈ.એલ.– એચ.સી.૨૪૭૩૧૩** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો પર આધાર રાખવામાં આવેલ છે.

આ કામે આરોપી ગેરહાજર છે. આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપવો તે ઇનવેલીડ નથી. ***નામદાર ગુજરાત હાઈકોર્ટના Sharad Jethalal Savla vs State of Gujarat (2017 (3) 2353 GLR)*** ના પેરા ૨૫ માં પણ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપવો ઇનવેલીડ ગણાશે નહી તેમ ઠરાવેલ છે. સદર હકીકતો પર આ તબકકે આધાર રાખવામાં આવે છે.

આ ઉપરાંત નીચે જણાવેલ એક અન્ય ચુકાદા પર પણ આધાર આ કામે રાખવામાં આવે છે જે નીચે મુજબ છે.

In ***Ishwarbhal Hirabhai Chunara Vs. State of Gujarat S.Cr.A. (Quashing) No-9112 of 2016 Hon,ble Gujarat High Court*** has held that The trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section 418 (2) of the Cr.P.C. Under Sub Section (2) of Section 418 of the Cr.P.C. when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest which followed the execution of warrant addressed and send to jail. In the

absence of the convict accused, the learned advocate appearing for him cannot prefer an application under Section 389(3) of the Code for suspension of the sentence to enable the convict accused to prefer an appeal before the Sessions Court.

After considering the above ratio it appears that this court may issue an arrest warrant against the accused to secure the presence before this court for execution of sentence which will be followed by sending the accused to jail. Consequently in the interest of justice following final sentence order is passed.

ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ફરીયાદીએ વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે કે આરોપીએ આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે.આથી ઉપર ચર્ચા કરેલ પુરાવાના મુલ્યાંકનના પ્રકાશમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

<u>–: આખરી હુકમ :–</u>

(૧) આ કામે આરોપી નિતેનભાઈ દેવજીભાઈ જુંગી રહે.પદમાણી કૃપા, શેરી નં. ૫ કૈલાશ ગૅરેજ પાસે, જુરીબાગ,પોરબંદરનાઓને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુનામાં સી.આર.પી.સી.ની કલમ–૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને સદર ગુનામાં ૦૨ (બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો અને રૂા.૭,૧૨,૦૯૪.૫૦ (અંકે રૂપીયા સાત લાખ બાર હજાર ચોરાણું અને પચાસ પૈસા પુરા) નો દંડ આરોપીએ કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીએ વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો પણ હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી ઉપરોકત દંડની રકમ કોર્ટમાં જમા કરાવે તો તે રૂા.૭,૧૨,૦૯૪.૫૦ (અંકે રૂપીયા સાત લાખ બાર હજાર ચોરાણું અને પચાસ પૈસા પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી હાજર થયેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ મુજબ ચુકાદાની એક નકલ વિના મુલ્યે આપવી.

(૫) આરોપી ગેરહાજર હોય વોરંટ ઇસ્યું કરવું.

આ હુકમ આજરોજ તા.૦૨ મી, માહે – જુલાઇ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૨/૦૭/૨૦૨૬
પોરબંદર

(અબ્દુલ્લાહ નુરૂલ્લાહ શેખ)
ચોથા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
પોરબંદર,(U/C NO.GJ 00616)